બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા, સત્સંગ શિક્ષણ પરીક્ષા

કુલ ગુણ - ૭૫

# ઉકેલપત્ર : સત્સંગ પરિચય - ૨

(સમય : બપોરે ૨ થી ૪.૧૫) (રવિવાર, ૧૦ જુલાઈ, ૨૦૧૧)

**નોંધ :- (૧) આપેલ આવૃત્તિ પ્રમાણેના પુસ્તકના જવાબ જ માન્ય રાખવા. તે સિવાયની આવૃત્તિના જવાબ માન્ય ન રાખવા.**
**(૨) જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.**
**(૩) જમણી બાજુએ જવાબની બાજુમાં કૌંસમાં આપેલા અંકો જે તે પ્રશ્નના જવાબના પાઠ/પાના નંબર દર્શાવે છે.**

**☞ અગત્યની સૂચના ☜**

**પ્રશ્નપત્રમાં દરેક પેટા પ્રશ્નની જમણી બાજુ દર્શાવેલ ખાનામાં, લખેલા ગુણની પછીના ખાલી ખાનામાં ( ગુણ : ૧ | ) પરીક્ષાર્થીને આપેલ ગુણ લખવાના છે. જો પ્રશ્નનો જવાબ ખોટો હોય તો તે ખાનામાં '0' (આંકડામાં શૂન્ય) લખવું. ખરાં (✔) કે ખોટાં (✗) ની નિશાની દરેક પેટા પ્રશ્નની ડાબી બાજુની ખાલી જગ્યામાં જ - પ્રશ્ન શરૂ થાય તે પહેલાં જ કરવી.**

**(વિભાગ - ૧ કિશોર સત્સંગ પરિચય, દસમી આવૃત્તિ - માર્ચ, ૨૦૦૯)**

**પ્ર.૧ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

**☞ નોંધ : - કોણ કહે છે ૧ ગુણ, કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.**

૧. "જો આપણે માની દેહક્રિયા કરવા રહેશું તો મહારાજ ચાલ્યા જશે." (૩/૮) ➡ ગલુજી - ભાઈઓને

➡ એકવાર શ્રીજીમહારાજ ડડુસર પધારવાના હતા. તે વખતે જ ગલુજીનાં માતૃશ્રી દેહ મૂકી ગયાં. સર્વ ભાઈઓ વિચારવા લાગ્યા હવે શું કરવું ત્યારે ગલુજી કહે છે.

૨. "ગાડીમાં કોણ સૂતું છે ?" (૮/૧૬) ➡ બે કાઠી સવાર - નાજા જોગિયાને

➡ નાજા જોગિયા એક વખત ગાડી હાંકતા હતા ને શ્રીજીમહારાજ અંદર સૂતા હતા. તે વખતે જીવા ખાચરના બે કાઠી સવારોએ નાજા જોગિયાને પૂછ્યું.

૩. "જે તૈયાર હોય તે લાવો." (૨૯/૯૧) ➡ નીલકંઠવર્ણી- ગોરધનભાઈને

➡ નીલકંઠવર્ણીનાં દર્શન કરતાં જ તેમના સ્વરૂપમાં ગોરધનભાઈની અંતર્વૃત્તિઓ ખેંચાઈ જતાં તેમણે વર્ણીને જમવા માટે પૂછ્યું ત્યારે કહે છે.

**પ્ર. ૨ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૬)**

૧. હિમરાજ શાહ સત્સંગી થયા. (૧૬/૪૫)

જ. આખા શરીરમાં કોઈપણ જગ્યાએ ગોપાળાનંદ સ્વામીની નાડી હિમરાજ શાહના હાથમાં ન આવતાં તેમને થયું વલ્લભ સ્વામી જેવા તો આ સ્વામી છે તો તેમના ગુરુ સ્વામિનારાયણ તો ભગવાન જ હોવા જોઈએ.

૨. એકાંતિક સંતનો સંગ મન કર્મ વચને કરવો જોઇએ. (૧૪/૩૯)

જ. પોતાના શરણે જે આવે તેનું પણ એવી જ જાતનું હિત ઇચ્છે કે 'આ મારો સંગી છે તેને પણ જગતની વાસના-ઈચ્છા છૂટી જાય ને ભગવાનનો સંબંધ થઈ જાય. એવા એકાંતિક સંતનો સંગ મન કર્મ વચને કરવો જોઇએ.

૩. પરમચૈતન્યાનંદ સ્વામી રિસાઈને ચાલ્યા ગયા. (૨૩/૭૨)

જ. અક્ષરાનંદ સ્વામીની સેવાથી રાજી થયેલા મહારાજે તેમને વરતાલનાં મહંત બનાવ્યા. તેથી પરમચૈતન્યાનંદ સ્વામીને થયું કે કાલે સવારે સાધુ કર્યા અને આજે મહંત કર્યા ! તેથી માનભંગ થવાથી રિસાઈને ચાલ્યા ગયા.

**પ્ર.૩** 'ગુંદાળી ગામના બે કાઠી હરિભક્ત' (૨૨/૬૮)- **પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક) (કુલ ગુણ : ૫)**

ગુંદાળી ગામને પાદર સ્વામિનારાયણના સાધુ ભિક્ષા માંગવા આવ્યા હતા. સાધુઓની ઝોળીઓ બપોરનો સમય થયો છતાં ખાલી હતી. ગામના કાઠી મેરામણ અને મામૈયાની મા રાણદેબાઈને પિયરનો સત્સંગ. સાધુને જોતાં જ કોઈના મારફત ઘેર બોલાવી ઉતારો આપી સીધુ સામાન આપ્યાં. સંતો રસોઈ કરતાં હતાં ને આઈ સાધુનાં દર્શન કરતા હતાં. એવામાં દરબારનો દ્વેષી કુંવર તેના સાગરીતો સાથે આવી સાધુઓને કડિયાળી ડાંગ ઠબકારી, એક જણે ચોટલી પકડીને ફેંક્યા, ખીચડીનું તપેલું ઊંધું પાડ્યું. રાણદેબાઈનું કલ્પાંત કોણ સાંભળે ? ખેતરેથી આવેલ બન્ને ભાઈઓ ઘરની પરિસ્થિતિ જોઈ માને પૂછતાં 'મામાના સાધુને માર્યા' જવાબ સાંભળી જેણે મામાના સાધુને માર્યા તેમના માથા ઊડાડીને પછી જ દાણો મોંમા મૂકવાની પ્રતિજ્ઞા કરી. પોતાની માને ગઢડા સામાન સાથે રવાના કરી. પોતે દરબારની ડેલીએ આવી પડકાર કર્યો 'મામાના સાધુને કોણે માર્યા ?' કુંવરે એકદમ છાતી કાઢીને જવાબ આપ્યો 'મેં માર્યા.' એ સાથે જ કાઠીના હાથમાંની ઊઘાડી બરછીએ કુંવરના પ્રાણ લઈ લીધા. બીજા કાઠીએ બીજા જુવાનનું ડોકું ઊડાવી દીધું. કાઠી જુવાનો ત્યાંથી નાસી ગયા. દરબારના ઊભા મોલનો આ કાઠી જુવાનોએ નાશ કર્યો. થોડીવારે ગામમાંથી વાર આવતી દેખાતા બંને શૂરવીરોએ વારની સામા થઈ કેટલાયના માથા કાપી બંને ભાઈઓ મરાયા. આમ મામાના સાધુના અપમાનનો બદલો લીધો. ગઢડામાં મહારાજને જાણ થતાં બોલ્યાં

'જે સાધુનો આવી રીતે પક્ષ રાખીને મરાયા તેને ધન્ય છે. લડાઈમાં મરીને સ્વર્ગની પ્રાપ્તિ થાય છે, તો આ બે ભાઈઓ તો મારા માટે મરાણાં, માટે તેમને અક્ષરધામની પ્રાપ્તિ થઈ ગઈ. તેમનું મુક્તાનંદ સ્વામી જેવું કલ્યાણ કરીશું.' આમ, કેવળ મામાના સાધુ જાણી પક્ષ રાખવાથી આ ભાઈઓ મરાયા તેથી શ્રીજીમહારાજે તેમને અક્ષરધામ બક્ષિસ આપ્યું. પક્ષ રાખવાનો આવો પ્રતાપ.

**પ્ર.૪ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૫)**

**☞ નોંધ :- અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.**

૧. કઈ છ વસ્તુની નિંદા ન કરવી ? (૧/૧)

જ. દેવતા, તીર્થ, બ્રાહ્મણ, પતિવ્રતા સ્ત્રી, સાધુ અને વેદ એમની નિંદા ક્યારેય ન કરવી.

૨. વરતાલમાં રામપ્રતાપભાઈ સાથે કઈ મૂર્તિ વાતો કરતી ? (૫/૧૨)

જ. વરતાલમાં રામપ્રતાપભાઈ સાથે હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ વાતો કરતી.

૩. સત્સંગીના પંચવર્તમાન કયા છે ? (૧૪/૪૦)

જ. દારૂ ન પીવો, ચોરી ન કરવી, માંસ ન ખાવું, વ્યભિચાર ન કરવો અને વટલવું નહિ તથા વટલાવવું નહિ.

૪. કોણ સુખી થતો નથી ? (૨૧/૬૬)

જ. મોટાપુરુષની બાંધેલી જે મર્યાદા તેને લોપીને કોઈ સુખી થતો નથી.

૫. 'કયા પાંચ સ્વરૂપને રૂડી રીતે જાણવા' - તેને જ્ઞાન કહીએ ? (૨૭/૮૫)

જ. જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મના સ્વરૂપને રૂડી રીતે જાણવું - તેને જ્ઞાન કહીએ.

**પ્ર.૫** 'વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણનું-૮' (૧૭/૪૭) **નું નિરૂપણ લખો. (કુલ ગુણ : ૫)**

**વચનામૃત : ગઢડા પ્રથમ પ્રકરણ - ૮ : 'ઈન્દ્રિયોની ક્રિયાને ભગવાન અને સંતની સેવામાં રાખ્યાનું ......'**

આ વચનામૃતમાં શ્રીજીમહારાજ આપણને ઈન્દ્રિયો, મન અને બુદ્ધિ તેને વશ રાખવાની વાત કરે છે. શ્રીમદ્ ભાગવતમાં પણ વ્યાસજીએ આ જ કહ્યું છે, 'આંખે કરીને ભગવાન તથા સંતનાં દર્શન કરવાં, કાને કરીને ભગવદ્વાર્તા સાંભળવી, જિહ્વાએ કરીને ભગવાન અને સંતના ગુણ ગાવા અને એમને ધરાવેલો પ્રસાદ જ જમવો. નાકે કરીને તેમને ચઢ્યા એવા જે પુષ્પોની સુગંધ લેવી અને ત્વચાએ કરીને ભગવાન અને સંતનો સ્પર્શ કરવો. એમ ઈન્દ્રિયોની દરેક ક્રિયા ભગવાન સંબંધી જ કરવી. પરંતુ મોક્ષ માર્ગમાં જે વિઘ્ન રૂપ છે. તે અહં-મમત્ત્વ કહેતા, **હું અને મારું છે.** દેહને વિષે **'હું'** પણાનો ભાવ અને દેહના સંબંધીને વિષે **'મારા' પણાનો ભાવ** આપણને પરમાત્માથી દૂર લઈ જાય છે. **હું અને મારું એ જ માયા છે.** તે દૂર કરવા માટે શ્રીજીમહારાજે આ વચનામૃતમાં ઉપાય બતાવ્યો છે કે નિયમમાં રહીને વિષય ભોગવવા. નદી જ્યાં સુધી બે કિનારાની મર્યાદામાં રહે છે, ત્યાં સુધી સર્વને સુખ આપે છે. પણ નદીમાં જ્યારે પૂર આવે છે અને બે કાંઠાની મર્યાદા બહાર તે જાય છે ત્યારે સર્વને દુઃખરૂપ થઈ જાય છે. તેવી રીતે જો શાસ્ત્રની મર્યાદા તોડીને વિષય ભોગવીએ તો પોતાને અધોગતિરૂપ નુકસાન થાય છે, બીજાને પણ નુક્શાન થાય છે. નિયમમાં યથાર્થ રહેવાય અને અહંમમત્ત્વની નિવૃત્તિ થાય તે માટે સાધુનો સંગ રાખવો. સાચા સાધુનો સમાગમ અને સેવા એ જ જીવને મોક્ષ માર્ગમાં વૃધ્ધિ પામવાનો એક માત્ર ઉપાય છે. શ્રીજીમહારાજ બીજી વાત આપણને કુસંગનો ત્યાગ કરવો તેમ કહે છે. જેમ અગ્નિનો એક જ તણખો દારૂના ઢગલાનો નાશ કરી નાખે છે. તેવી જ રીતે ગમે તેટલો સત્સંગ કર્યો હોય પણ થોડો કુસંગ લાગી જાય તો સત્સંગ નિષ્ફળ જાય છે. માટે કુસંગથી દૂર રહી જ્યારે ભગવાનના ભક્ત એવા જે પરમ એકાંતિક સંત તેનો મન, કર્મ વચને જીવ સમાગમ કરે છે ત્યારે તેના અહંમમત્ત્વના ભાવ દૂર થાય છે અને ભગવાનને વિશે તેને અસાધારણ પ્રીતિ થાય છે. અખંડ ભગવાનના સુખના આનંદનો તેને અનુભવ થાય છે. વળી, ભગવાન વિના અન્ય પદાર્થને વિષે વૈરાગ્ય પણ ઉત્પન્ન થાય છે. તેને ભગવાન ને ભગવાનના ભક્ત વિના જગતમાં બધું જ ખોટું જણાય છે.

**પ્ર.૬ નીચે આપેલાં કીર્તન / અષ્ટક / શ્લોક વગેરે માંગ્યા મુજબ પૂર્ણ કરો. (કુલ ગુણ : ૮)**

**☞ નોંધ :- કીર્તન / અષ્ટક / શ્લોક અડધા સાચા હોય તો એક (૧) ગુણ આપવો.**

૧. અસુર અધર્મી મહાકુકર્મી, દેતા જનને દુઃખ, મૂળથી તેનાં કુળ ઉખાડી, સંતને દીધાં સુખ.....
વાદી હરાવ્યા બંધ કરાવ્યા, હિંસામય બહુ યાગ, દારૂ માટી ચોરી અવેરી, તેહ કરાવ્યા ત્યાગ. (૨/૬)

૨. જણસ સ્વાદુ રે, જણાય જમતાં જમતાં, પાસે હરિજન રે, બેઠા હોય મનગમતા.
તેમને આપી રે, પછી પોતે જમે, જમતાં જીવન રે, હરિજનને મન ગમે. (૨૦/૬૨)

૩. ध्यायतो विषयान्पुंसः संगस्तेषूपजायते ।
सङ्गात्सञ्जायते कामः कामात्क्रोधोऽभिजायते॥ (૨૮/૮૮)

૪. **ગુજરાતી ભાષાંતર :** સંસારના જન્મ-મૃત્યુની બીક ટાળનાર, સુખ, સંપત્તિ અને કરુણાના મૂળ સ્થાન; વ્રત, દાન, તપાદિ ક્રિયાના ફળસ્વરૂપ સહજાનંદ ગુરુને હું નિરંતર ભજું છું. (૧૧/૩૧)

**(વિભાગ - ૨ : પ્રાગજી ભક્ત, દસમી આવૃત્તિ - ડીસેમ્બર, ૨૦૦૮)**

**પ્ર.૭ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

**☞ નોંધ :- કોણ કહે છે ૧ ગુણ, કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.**

૧. ''આવી વાત કરીશ તો કોઈ તને મારશે.'' (૧૨/૨૫) ➫ કોઠારી ત્રિકમદાસ - પ્રાગજી ભક્તને

➫ જૂનાગઢ મંદિરના કોઠારી ત્રિકમદાસને જ્યારે ભગતજીએ સ્વામીના મહિમાની વાત કરી ત્યારે તે તેમને ન ગમતાં કહે છે.

૨. ''માટે ખાતાં પીતાં સૂતાં જાગતાં ભજનનો આગ્રહ રહે તો જીવ ધારે તે કરી શકે.'' (૨૩/૪૩)

➫ ભગતજી - દીવાનસાહેબ અને બીજા હરિભક્તોને

➫ એક રાત્રે નિયમ- ચેષ્ટા કરીને સૂતા પછી એકાએક બેઠા થઈ એક શ્વાસે ભજન કરવા લાગ્યા ત્યારે દીવાન સાહેબ તથા બીજા હરિભક્તો જાગી જાય છે. ત્યારે તેમને સંબોધતા કહે છે.

૩. ''સાધુનો કસબ બહુ કઠણ છે.'' (૮/૧૭) ➫ સ્વામી (ગુણાતીતાનંદ સ્વામી) - ભગતજીને

➫ ત્રણસો આંબાને પાણી પાઈને ભગતજી સ્વામી પાસે આવે છે. ત્યારે રાજી થયેલા સ્વામી ભગતજીને પ્રશ્ન પૂછવાનું કહે છે. ત્યારે ભગતજી સાધુનો કસબ શીખવાડવાની વાત કરે છે ત્યારે.

**પ્ર.૮ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમોં જ) (કુલ ગુણ : ૬)**

૧. જીવ પ્રાણી માત્ર ચામડાં જ ચૂંથે છે. (૭/૧૩,૧૫)

જ. ચણતર કામના પથરા ઉપર મરેલું કૂતરું પડ્યું હતું. બંધ પડેલું કામ ચાલુ કરાવવાની સ્વામીની મરજી જાણી ભગતજીએ તે કૂતરું ખસેડીને નાહીને મંદિરમાં પાછા આવ્યા ત્યારે કેટલાકે ટીકા કરી. ત્યારે સ્વામી કહે છે.

૨. ગિરધરભાઈએ પ્રાગજી ભગતને ગુરુ કર્યા. (૧૭/૩૧)

જ. ગિરધરભાઈએ પ્રાગજી ભક્તને ગુરુ કર્યા કારણ કે હરિકૃષ્ણ મહારાજે ગિરધરભાઈને દર્શન દઈને કહ્યું ' આ પ્રાગજી ભક્ત પરમ એકાંતિક ભક્ત છે. હું તેમના દ્વારા સત્સંગમાં પ્રગટ છું. તેમનો સમાગમ કરશો તો હું તમારા અંતરમાં અખંડ વાસ કરીશ.

૩. ભગતજી સૌ સંતોને ચંદન સહિત ભેટ્યા. (૨૧/૪૦)

જ. ભગતજીએ સંતોને કહ્યું જો મારી આજ્ઞા પ્રમાણે જમશો, તો આજે હું તમને વશ છું. તેથી ભગતજીને રાજી કરવા યજ્ઞપુરુષદાસજીએ અડધો રોટલો વધારે ખાધો પછી સંતોએ ભગતજીના શરીરે ચંદન ચર્ચીને દર્શનનું અલૌકિક સુખ લીધું. સંતોની ઇચ્છાથી ભગતજી સંતોને ચંદન સહિત ભેટ્યા.

**પ્ર.૯** ''અક્ષરધામની કૂંચી પ્રાગજીને આપી છે.'' (૧૧/૨૧) - **પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક) (કુલ ગુણ : ૫)**

સ્વામીની આજ્ઞાથી પ્રાગજી ભક્ત કથા કરતા. હરિભક્તો દર્શન કરવા આવે તેને સ્વામી કહેતા 'મેં તો પેનશન (નિવૃત્તિ) લીધું છે ને વાતો સાંભળવી હોય તો ચોકમાં પ્રાગજી પાસે જાવ.' હરિભક્તોને પણ ભગતજીની વાતોથી શાંતિ થતી. એક વખત વરતાલથી અમઈદાસ કોઠારી, બેચર ભગત કોઠારી તથા પાંચ સાત પાળા (પાર્ષદ) જૂનાગઢ સ્વામીની વાતો સાંભળવા અને પંચતીર્થી કરવા જૂનાગઢ આવ્યા. સ્વામીએ અમઈદાસને કહ્યું, 'કોઠારી ! મેં તો તમામ કૂંચીઓ પ્રાગજીને આપી છે. હું તો નિવૃત્તિ લઈને નવરો થયો છું.' તેથી અમઈદાસને થડકો થયો કે મંદિરની કૂંચીઓ પ્રાગજીને આપી કે શું ? ત્યારે સ્વામીએ અમઈદાસને કહ્યું થડકો પામશો નહિ. મંદિરની કૂંચીઓ આ રહી. પણ અક્ષરધામની કૂંચીઓ મેં પ્રાગજીને આપી છે. આ સમાચાર વરતાલ સુધી પહોંચી ગયા કે 'જૂનાગઢમાં પ્રાગજી જ ધણી છે ને સ્વામી તે રૂપ થઈ ગયા છે ને તેને વશ છે. આખો સોરઠ પ્રથમ પ્રાગજીને દંડવત્ કરી પછી સ્વામી પાસે જાય છે ને સ્વામીનો મહિમા પણ તે (પ્રાગજી) હદથી પાર કહે છે.' એક દિવસ કેટલાક સત્સંગી દરબારોએ સ્વામીને કહ્યું : 'તમે કોઈ બ્રાહ્મણ સાધુ વિદ્વાનને ઐશ્વર્ય ન આપ્યું અને દરજીને આપી દીધું. આવું કેમ કર્યું ?' 'મારે તો ઘણું નહોતું આપવું પણ એણે મને સેવા-ભક્તિથી બાંધી લીધો એટલે હાથ છૂટી બલા જેવું થયું.' ત્યારે દરબારોએ કહ્યું : 'હવે પાછું ખેંચી લો.' ત્યારે સ્વામીએ કહ્યું એ ના થાય. આ તો પાતાળે પાયા નાંખ્યા છે, પાછું ખેંચાય એમ નથી. પછી ઉપનિષદની વાત કરતાં કહે છે વૈષમ્પાયન ઋષિએ યાજ્ઞવલ્કયને વિદ્યા ભણાવી હતી. યાજ્ઞવલ્કયને રાજાના મહેલમાં જવાની આજ્ઞા કરી ને તે ન ગયા ત્યારે ઋષિએ ગુસ્સે થઈને પોતાની વિદ્યા પાછી માગી પણ એકવાર સિદ્ધ થયેલી વિદ્યા પાછી કેમ નીકળે ? તેમ પ્રાગજીને મેં બ્રહ્મ વિદ્યા ભણાવી છે તે પાછી કેમ નીકળે ? જેણે આ પરાવિદ્યા આપી છે તેને પાત્ર ઘડતાં પણ આવડતું હશે ને ? ભગવાન કે સંત વર્ણ, આશ્રમ કે જાતિ જોતા નથી.

**પ્ર.૧૦ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૫)**

**☞ નોંધ :- અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.**

૧. પીજના મોતીલાલભાઈને સ્વપ્નમાં દર્શન દઈને શ્રીજીમહારાજે શું કહ્યું ? (૨૦/૩૭)

જ. હું પ્રાગજી ભગત દ્વારા સત્સંગમાં પ્રગટ જ છું.

૨. રાવસાહેબના જમાદારે સંતોને શું કહ્યું ? (૧૯/૩૬)

જ. તમો તો ખુદાના ફકીર છો ને આ તો સાક્ષાત્ ખુદા છે, માટે તમોને લાકડિયો મારે, જુતિયાં મારે તો પણ તમારે એની કેડે ફરવું.

૩. ગઢપુરમાં આચાર્ય મહારાજે ભગતજીને કયો પ્રશ્ન પૂછ્યો ? (૨૬/૪૯)

જ. ગઢપુરમાં આચાર્ય મહારાજે ભગતજીને પ્રશ્ન પૂછ્યો કે ભગવાનનું સુખ કેવું હશે ?

૪. ભગતજીએ વલસાડથી મહુવા આવી રહેલા કયા બે હરિભક્તોની વહાણમાં રક્ષા કરી ? (૨૫/૪૭)

જ. ભગતજીએ વલસાડથી મહુવા આવી રહેલા ભરૂચના ગણપતભાઈ અને પીજના જેઠાભાઈની વહાણમાં રક્ષા કરી.

૫. પ્રાગજી ભગતે શું વેચીને સંતોને રસોઈ આપી ? (૧/૩)

જ. પ્રાગજી ભગતે માતાના સાળુનો (શેલું) કિંમતી પાલવ વેચીને સંતોને રસોઈ આપી.

**પ્ર.૧૧ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો. (કુલ ગુણ : ૬)**

**☞ નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

**૧.** ૨, ૩ (૪/૭,૮) **૨.** ૧, ૨ (૬/૧૧,૧૨) **૩.** ૨, ૩ (૨૨/૪૧)

**પ્ર.૧૨ નીચે આપેલાં ખોટાં વાક્યોને મથાળાના સંદર્ભમાં સાચાં લખો. (કુલ ગુણ : ૬)**

**☞ નોંધ :- સંપૂર્ણ સાચું વાક્ય લખ્યું હશે તો જ ગુણ પ્રાપ્ત થશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. **સત્સંગમાં કુસંગ :** વરતાલના સંતોએ મને ઠપકો દેવાનો સંકલ્પ કર્યો છે. ને તું મારો બહુ મહિમા કહે છે તેથી તને સત્સંગમાંથી વિમુખ કરવાનો નિર્ણય કર્યો છે. પણ આ દેશમાં એમનું કંઈ વળશે નહિ. (૧૪/૨૭)

૨. **જન્મ અને બાળચરિત્રો :** આ મંદિરના મહંત સુર્યભારથિ પણ આ બાળકની ભક્તિથી પ્રસન્ન થતા. પ્રાગજી ભક્ત તેમની સેવા કરતા, તેમની પાસે બેસીને શાંતિથી રામકથા સાંભળતા. (૧/૧)

૩. **સત્સંગમાંથી વિમુખ :** અડધે રસ્તે તેમણે જ્યારે ભાતું છોડી તે લાડુ ખાવાની શરૂઆત કરી, ત્યારે તેમને આખા શરીરે બળતરા ઊપડી. પછી લાડુમાં ઝેર જાણી તેને જમીનમાં ઊંડે દાટી દીધા. (૧૫/૨૯)

૪. **અક્ષરપાત્રની વરણી :** પ્રાગજી ભક્તના હૃદયમાં ચોટ લાગી ગઈ અને સ્વામીને રાજી કરી લેવાની તેમણે મનમાં ગાંઠ વાળી. પોતાનો રાજીપો દર્શાવતાં સ્વામીએ પણ તેમને યોગ્ય પાત્ર ગણી અંતરના આશીર્વાદ આપ્યા. (૪/૮)

૫. **ભગતજીના સંતોને ઉપાધિ :** વૈરાગ્ય પણ એવો જ છે. ઘરમાં રહે છે પણ મહેમાનની પેઠે રહે છે. આચાર્ય મહારાજનો કાગળ આવે કે તરત નીકળી પડે છે. (૨૦/૩૮)

૬. **થોરે કેળાં :** વિઠ્ઠલનાથજીની પ્રસાદીના અડધા તલના દાણામાંથી ચોરાશી વૈષ્ણવ થયા, તો આ તો મહાપ્રસાદી છે. પ્રાગજી તો નિર્દોષ છે. (૯/૧૮)

❑ ❑ ❑